## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તારી આ દિવાળીનો સામાન હું પછી લેવા જઈશ... પહેલા હું લોન લેવા જઈશ....



શહેરમાં હવે જન્મદિને માત્ર પાર્ટી કે કેક કટીંગ કરવાની સાથે સાથે કોઈ એક સેવાકાર્ય કરવાનું ચલણ પણ વધતુ જાય છે. શહેરમાં સેક્ટર-૨૩માં રાત્રીના સમયે ઝુંપડપટ્ટીમાં વસતા શ્રમજીવી પરિવારોના બાળકોને ભણાવવાનો શિક્ષણયજ્ઞ ચલાવતા ''અક્ષરજ્ઞાન''ના વર્ગના જરૂરિયાતમંદ બાળકોને શહેરના સેવાભાવી નાગરિક મનોજભાઈ ચોચાએ તેમની દિકરી ભૂમિના જન્મ દિવસ નિમિત્તે નવા પગરખાંનું વિતરણ કરી શુભ પ્રસંગમાં સેવાભાવનાનો સુયોગ સાધ્યો હતો.

# કલોલમાં ૩૬૨૦ દિવ્યાંગોને સવા ચાર કરોડથી વધુની સાધન સહાય અપાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ૩૬૨૦ દિવ્યાંગોને રૂ. ૪ કરોડ ૨૭ લાખથી વધુની કિંમતના સાધનોનું વિતરણ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહના હસ્તે કરવામાં આવશે. આજે જિલ્લાના પ્રવાસે આવી રહેલા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી શાહના પ્રવાસ કાર્યક્રમ અંગેની વિસ્તૃત વિગતો આપતાં જિલ્લા કલેકટર શ્રીએ જણાવ્યું હતું કે દિવ્યાંગોને ૬૩૧૯થી વધુ ઉપકરણોનું વિતરણ કરવામાં આવશે.

જે સાધન સહાય આપવામાં આવનાર છે તેમાં ૯૨ મોટરાઈઝડ ટ્રાઈઝિકલ, ૪૪૮ ટ્રાઈસિકલ, ૩૧૫ ફોલ્ડીંગ વ્હીલચેર, ૬૭૪ બૈસાખી, ૪૮૫ ચાલવાની લાકડી, ૨ બ્રેલકેગ, ૫૬ બ્રેલકિટ, ૩ બ્રેલ સ્લેટ, ૯ એ.ડી.એલ. કીટ, ૧૨૯૪ સ્માર્ટ કેન, ૧૧૦૭ સ્માર્ટ ફોન, ૫૬૫ કાનના મશીન, ૪૬ રોલેટર, ૨૮૧ એમ.એલ. આઈ.ડી. કીટ અને ૭૨૦ કૃત્રિમ અંગ અને કેલિપર્સ અપાશે.

જિલ્લાના ૧૧૬૪ વયોશ્રીઓને રાષ્ટ્રીય વયોશ્રીયોજના અંતર્ગત ૯૨ લાખથી વધુની સાધન સહાય પણ આપવામાં આવનાર છે. જેમાં ૪૦૦ ફોલ્ડીંગ વ્હીલચેર, ૬૩૩ કૃત્રિમ દાંત, ૯૭૮ ચશ્મા, ૧૦૦ વોકર ૮૧૫ ચાલવાની લાકડી સહિતની વિવિધ સાધન સામગ્રીનો સમાવેશ થાય છે.

કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતના પ્રવેશ દ્વાર સમામ કલોલ ખાતે ઉત્તર ગુજરાતની વિકાસની ગતિને તેજ બનાવવા માટે રાજયના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કલોલ ગાયત્રી મંદિર જંકશન ખાતે રૂપિયા ૬૫ કરોડ ૫૭ લાખના ખર્ચે ફલાય ઓવર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે. આ ફલાય ઓવરબ્રિજ છ માર્ગીય બનાવવામાં આવ્યો છે. જેની લંબાઈ ૧૧૩૫ મીટર છે. ફલાય ઓવરબ્રિજમાં આરસીસીના ૩૦ મીટર લંબાઈના ૧૮ ગાળા અને ૫૯૫ મીટર લંબાઈની આર.આ.વોલનો સમાવેશ થાય છે. બ્રિજની બંને બાજુમાં ૭ મીટરનો સર્વિસ રોડ સ્થાનિક વાહન વ્યવહારની સુગમતા માટે છે. ફલાય ઓવરબ્રિજ તેમજ સર્વિસ રોડ ઉપર સ્ટ્રીટ લાઈટની અને વરસાદી પાણીના નિકાલ માટે સર્વિસ રોડની બાજુમાં ગટરની સુવિધા છે. અમદાવાદ-મહેસાણા માર્ગ પર આગામી સમયમાં ટ્રાફિકની સમસ્યા ન થાય તે માટે છત્રાલ અને નંદાસણ ખાતે પણ ફલાય ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. આગામી થોડાક જ સમયમાં રૂપિયા ૬૫ કરોડના ખર્ચે કલોલ-માણસા માર્ગને ચાર માર્ગીય બનાવવામાં આવશે.

# સરગાસણ ખાતે પાર્લરમાં દારુની મહેફીલ માણતા ૪ યુવક ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

સરગાસણ સાર્થક મોલ પાસે આવેલ પ્રમુખ ઓસીસ કોમ્પ્લેક્ષના પાર્લરમાં દારૂની મહેફીલ માણતા ચાર યુવકોને પોલીસે પકડી પાડ્યા છે. સેકટર-૭ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહને પાર્લરમાં દારુની મહેફિલ માણતા હોવાની બાતમી મળી હતી જેને પગલે પોલીસે પ્રમુખ ઓસીસ કોમ્પ્લેક્ષમાં બાલકૃષ્ણ પાર્લરમાં રેડ કરી હતી. જેમાં ચાર યુવકો દારૂની મહેફીલ માણતા રંગેહાથ પકડાયા હતા. જેમાં પાર્લર ચલાવતો રાહુલ પ્રવિણભાઈ દવે (ઉં.વ.૩૨ સેકટર-૩ બી પ્લોટ નં.૧૦૦૮-૧), વિશાલ દિનેશભાઈ શ્રીમાળી (ઉં.૨૨ રહે. સે-૧૩ પ્લોટ નં.૪૨૯-૨), પરેશકુમાર આર.ભુરીયા (ઉં.૨૫ રહે.સે-૪ સી પ્લોટ નં.૬૩૪-૧ ), અને ધ્રુવકુમાર કમલેશભાઈ સોની (ઉં.૨૫ રહે. સિદ્ધાર્થ રેસીડન્સી એફ ૩૦૨ વાવોલ)નો સમાવેશ થાય છે.પોલીસે બનાવ સ્થળેથી દારુની બોટલ બે જેમાં એક ખાલી થઈ ગઈ હતી અને ૫ મોબાઈલ ફોન, તેમજ જી.જે.૧૮,સી.એસ-૫૭૬૭ પલ્સાર બાઈક, જી.જે.૧૮.સીસી.૬૯૯૨ નંબરનું હીરો બાઈક મળી કુલ ૯૭,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જાણીતા ફિઝીશિયન ડૉ. દિનકર ગોસ્વામી ડેન્ગ્યુમાં સપડાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ડેન્ગ્યુએ અજગરી ભરડો લીધો છે. દિન પ્રતિદિન શહેરમાં ડેન્ગ્યુનો કહેર વધી રહ્યો છે. શહેરના ખાનગી દવાખાના મોડીરાત સુધી ધમધમે છે, દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. ડેન્ગ્યુની સારવાર લઈ રહેલા દર્દીઓને ડોકટરમાં દેવતાના દર્શન થઈ રહ્યા છે, આ સમયે જયારે ડોકટર ખુદ ડેન્ગ્યુના ભરડામાં સપડાય ત્યારે સામાન્ય દર્દીઓની તો શુ વિસાત.? ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા જાણીતા ફિઝીશીયન ડો. દિનકર ગોસ્વામી પણ ડેન્ગ્યુમાં સપડાયા છે. તે ઉપરાંત સિવિલના નર્સિંગ વિભાગના મહિલા કર્મચારીના પ્લેટલેટમાં પણ ઘટાડો નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે. સિવિલ કેમ્પસમાં મેડીકલના વિદ્યાર્થીઓ પણ કેટલાક ડેન્ગ્યુનો શિકાર બન્યા છે. વાયરલ ફીવરની સાથે ડેન્ગ્યુના કેસ વધુ માત્રામાં જોવા મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૨૫ જેટલા કેસ સામે આવ્યા છે. જયારે મેલેરીયા, ટાઈફોઈડ, ચિકનગુનીયા, કમળો, ઝાડા-ઉલ્ટી, તાવ, શરદી-ખાસીના દર્દીઓ નહીંવત જોવા મળી રહ્યા છે. શહેરની ખાનગી લેબમાં થતા ટેસ્ટમાંથી મોટાભાગના દર્દીઓના રીપોર્ટ પોઝીટીવ આવતા હોવાનું ધ્યાને આવ્યું છે. નગરની ખાનગી હોસ્પિટલમાં પણ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. શહેરમાં બેવડી રૂતુનો અનુભવ થઈ રહ્યો છે. બપોરે ગરમી તો સાંજે ઠંડીનો ચમકારો ગાંધીનગરાઓ અનુભવી રહ્યા છે. જેને પગલે શહેરમાં વાઈરલ બિમારી સહિત ડેન્ગ્યુના કેસ નોંધપાત્ર વધી રહ્યા છે. ડેન્ગ્યુના વધતા કેસને પગલે આરોગ્ય તંત્ર પણ ચિંતાગ્રસ્ત બની ગયું છે. શહેરની સિવિલમાં ગત અઠવાડીયમાં ડેન્ગ્યુના ૨૨૫ જેટલા કેસ નોંધાયા છે. જેને પગલે આરોગ્ય તંત્રની ટીમ ડેન્ગ્યુને કાબુમાં કરવા માટે કામે લાગી ગઈ છે.સામાન્ય સંજોગોમાં વરસાદ બાદ રોગચાળાની પરિસ્થિતિ ઉભી થાય છે. વાઈરલના મચ્છરજન્યની સાથે પાણીજન્ય રોગચાળાના કેસ પણ આ દિવસોમાં વધુ જોવા મળે છે. હાલ શહેરમાં બેવડી સિઝન ચાલી રહી છે તેની વચ્ચે મેલેરીયા અને ડેન્ગ્યુના કેસ મોટીસંખ્યામાં ગાંધીનગર સિવિલમાં નોંધાયા છે. મચ્છરજન્ય ડેન્ગ્યુની બિમારીના દર્દીઓ સિવિલ કેમ્પસમાં પણ રોજ બરોજ વધી રહ્યા છે.નાગરીકોને પોતાના ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહે તે માટે તંત્ર દ્વારા સુચના પણ અપાઈ છે. ત્યારે આરોગ્ય વિભાગ ડેન્ગ્યુને કાબુમાં કરવા માટે કમસકસી રહ્યું છે.

# આઈઆઈટી ગાંધીનગરના વિદ્વાનની શોધ રાષ્ટ્રીય સુરક્ષાદળો માટે ઉપયોગી બનશે

### આઈઆઈટી ગાંધીનગરના ચંદનકુમાર જહાએ બનાવેલા ''હાઈસેન્સિટીવ ઓપ્ટીકલ માઈક્રોફોન''ને ડીઆરડીઓ સ્પર્ધામાં પ્રથમ સ્થાન : સંરક્ષણમંત્રી રાજનાથસિંહ દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની ઉપસ્થિતિમાં ચંદનકુમાર એવોર્ડથી સન્માનિત

ગાંધીનગર, તા. ૨૩

આજકાલ ભારતની સંરક્ષણનીતિ વિશ્વમાં પોતાની અલગ ઓળખ બનાવી રહી છે અને ભારતીય સુરક્ષા દળોની હિંમત અને બહાદુરીના પરાક્રમો દુનિયાને ચકિત કરી રહ્યાં છે તેવા ટાણે ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીના વિધ્વાન ચરણકુમાર જહા દ્વારા ડીઆરડીઓના ચેરમેન જી સતીષ રેડ્ડી સહિત દેશની ત્રણેય પાંખના વડાઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા. દેશના ''મિસાઈલ મેન'' તરીકે જાણીતા પૂર્વરાષ્ટ્રપતિ સ્વ. એપીજે અબ્દુલ કલામની જન્મજયંતિ પ્રસંગે યોજાયેલા આ કાર્યક્રમમાં ચંદનકુમાર જહાને તેમના ''હાઈસેન્સિવિટી ઓપ્ટિકલ કોન્ટેકટ માઈક્રોફોન''ની શોધ બદલ સન્માનવામાં આવ્યાં હતા. આ શોધ તેમણે




શોધવામાં આવેલી નવી શોધ દેશના તમામ સુરક્ષા જવાનોને રાષ્ટ્ર સુરક્ષાના પડકારરૂપ કાર્યોમાં ખૂબ મદદરૂપ નિવડશે. આ શોધને કારણે ચરણકુમારને સંરક્ષણ ક્ષેત્રે સંશોધન અને વિકાસ સંસ્થાન ડીઆરડીઓનું પ્રથમ ઈનામ મળવા પામ્યુ છે. આ ખિતાબ તેમને નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની ઉપસ્થિતિમાં સંરક્ષણ મંત્રી રાજનાથસિંહના હસ્તે આપવામાં આવ્યો હતો. ચંદનકુમારે એક હાઈ સેન્સિટીવ ઓપ્ટીકલ કોન્ટેક્ટ માઈક્રોફોન બનાવ્યું છે જે સુરક્ષા જવાનો માટે ખૂબ ઉપયોગી સાબિત થશે.

આઈઆઈટી ગાંધીનગરના પીએચડી સ્કોલર ચરણકુમારને સન્માનવામાં આવ્યાં ત્યારે સમારોહમાં ''ડેર ટુ ડ્રીમ ડીઆરડીઓ ઈનોવેશન કોન્ટેસ્ટ''માં પ્રસ્તુત કરી હતી જે માટે તેમને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયુ હતુ. તેમના પ્રોજેક્ટનું ટાઈટલ ''એન ઓપ્ટીકલ ફાયરબેઝડ માઈક્રોફોન વીથ વેરીહાઈ બ્રેક ગ્રાઉન્ડ નોઈસ સંપ્રેશન કેપેબિલીટી ફોર યુઝ ઈન કોમ્બાટ સર્વિસ''એવું રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચંદનકુમાર જહાએ જણાવ્યું હતું કે ''આ પ્રોજેક્ટ મારા માટે ખૂબ ઉત્સાહ સિંચન કરનારો સાબિત થયો છે. જેના માટે ભારત સરકારે સુરક્ષા ક્ષમતા વધારવાના હેતુથી અમને આમંત્રિત કર્યા હતા.'' અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં કુલ ૩ હજાર જેટલા સંશોધક સ્પર્ધકો પૈકી વિવિધ વ્યક્તિગત કેટેગરીમાં વિજેતા થનારા માત્ર આઠ સંશોધકો પૈકી એક ચંદનકુમારનો સમાવેશ થાય છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે યોજાયેલ ખાતર વપરાશ ખેડૂત જાગૃતતા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે રાસાયણિક ખાતરોનો સાચો ઉપયોગ અને યોગ્ય ગુજરાત ખાસ ઉપસ્થિત રહી ખેડૂતોને રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગથી થતા નુકશાનો તેમજ વિવિધ પરિબળો કલ્યાણ મંત્રાલય તેમજ રસાયણ અને ખાદ્ય મંત્રાલય દ્વારા ન્યુ દિલ્હી પૂસા ખાતે માનનીય મંત્રીઓની ઉપસ્થિતિમાં આ



વ્યવસ્થાપન અંગે ખેડૂત જાગૃતતા કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે સુરેશભાઈ બલદાણીયા, રીજીયોનલ બિઝનેશ હેડ, જીએસએફસી, ગુજરાત અને જી.આર. વાસાણી, સીનીયર માર્કેટિંગ મેનેજર, જીએનએફસી, પર થતી અસરો વિશે ખેડૂતોને જાગૃત કર્યા હતા. કેન્દ્રના નિષ્ણાંતો દ્વારા રવિ પાકોમાં યોગ્ય ખાતર વ્યવસ્થાપન, જૈવિક અને સેન્દ્રીય ખાતરો તેમજ જમીન આરોગ્ય પત્રક અને તેના ફાયદાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. ભારત સરકારના કૃષિ અને ખેડૂત કાર્યક્રમનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું તેમજ ખેડૂતોને સંબોધવામાં આવ્યા હતા જેનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખેડૂતો અને અધિકારીઓએ નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જુદા જુદા ગામોના ખેડૂત ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો.



સેવાવસ્તીમાં રહેતા પરિવારો દિવાળીની ઉલ્લાસભેર ઉજવણી કરી શકે તે માટે વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા કપડાં અને મીઠાઈનું વિતરણ કરવામાં આવે છે. નગરના સેવાભાવી અગ્રણીઓ વિજયસિંહ માજીરાણા, અશ્વિનભાઈ સુહાન, જી.કે. પરમાર, જય સાકરિયા, ભરતસિંહ બારડ, ડૉ. આશિષભાઈ મોડિયા જેવા મિત્રો આ સેવાયજ્ઞમાં જોડાયા હતા.



હિન્દી ફિલ્મ સંગીતમાં એક આખો દાયકો કુમારસાનુના ગીતોથી છવાયેલો રહ્યો હતો. શહેરના મનોરંજન મ્યુઝિકલ સ્ટુડીયોની 'મેરી આવાઝ સુનો કરાઓ કે કલબ' દ્વારા કુમારસાનુની જન્મજયંતિને અનુલક્ષીને રવિવારે તેમના ગીતોનો કરાઓકે ટ્રેક શૉ કાર્યક્રમ સ્ટુડિઓ પર આયોજિત કર્યો હતો. જેમાં ગાંધીનગર અમદાવાદના અનુભવી બિન અનુભવી ગાયકોએ કુમાર સાનુના ગીતો ગાઈને ઉજવણી કરી હતી.

# આજથી કલિકાલના લક્ષણો સમજાવતી અદ્‌ભૂત પ્રવચન શ્રેણીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

'દિવાળી કલ્પ' શાસ્ત્ર ગ્રંથ આધારે અદ્‌ભૂત પ્રવચન શ્રેણી ગાંધીનગર સેક્ટર-૨૨માં જૈન દેરાસર ખાતે શરૂ થશે. આ પ્રવચન શ્રેણીમાં આગામી સમય કેવો હશે ? જનતાની માનસિકતા કેવી હશે ? લોકોની પસંદગી કેવી હશે ? કૌટુમ્બિક, રાજકીય, સામાજીક સ્થિતિ કેવી હશે ? આ અંગેની ઘણી સ્પષ્ટતા સાથેનું એનાલીસીસ પૂ. ઉદયવલ્લભસુરી મહારાજના પ્રવચનમાં થશે. આ પ્રવચન શ્રેણીતા. ૨૪ ઓક્ટોબરથી રોજ સવારે ૭.૫૦ થી ૯.૦૦ વાગ્યા સુધી સળંગ દસ દિવસ ચાલશે જેનો તમામ ધાર્મિક રસ ધરાવતા નાગરિકોએ લાભ લેવા શહેરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસંઘ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ડભોડિયા હનુમાનજી મંદિરમાં કાળી ચૌદશને પગલે તૈયારીઓ

### ધનતેરસની રાત્રે ૧૨ વાગ્યાથી કાળી ચૌદશનો શુભારંભ

### દાદાને એક હજાર તેલના ડબાથી અભિષેક કરાશે

ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતેના સુપ્રસિધ્ધ અને એક હજાર વર્ષ કરતાં પણ વધુ પ્રાચીન સ્વયંભુ ડભોડિયા હનુમાનજી મંદિર ખાતે કાળી ચૌદશની વિશેષ અને તેલથી દાદાના મહાઅભિષેકને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. દર વર્ષની જેમ આ વખતે પણ કાળી ચૌદશના પર્વ નિમિતે ચમત્કારિક ડભોડિયા હનુમાનજી દાદાને લગભગ એક હજાર જેટલા તેલના ડબાથી શ્રધ્ધાળુ ભકતો દ્વારા અભિષેક કરવામાં આવશે. નોંધનીય બાબત એ છે કે, ડભોડિયા હનુમાનજી દાદાની મહાઆરતી ધનતેરસની રાત્રે ૧૨-૦૦ વાગ્યે જેવો કાળીચૌદશના પર્વનો પ્રારંભ થાય કે, તરત જ દાદાની મહાઆરતી ઉતારવામાં આવશે. દાદાની આ ચમત્કારિક અને અનન્ય મહાઆરતીનો લાભ લેવા અને કાળીચૌદશના દર્શન માટે સાડા ત્રણ લાખથી વધુ ભકતો દર્શનાર્થે ઉમટશે. એટલું જ નહી, ધનતેરસ અને કાળી ચૌદશને લઈ બે દિવસ સુધી ડભોડા ખાતે સુપ્રસિધ્ધ લોકમેળાનું વર્ષોથી પરંપરાગત આયોજન થયું હોય છે, તેને લઈને તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે. ડભોડિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ તરફથી કાળી ચૌદશના દર્શનાર્થે આવનારા લાખો શ્રધ્ધાળુ ભકતો માટે મહાપ્રસાદ સહિતની વ્યવસ્થા પણ કરાઈ છે. ધનતેરસની રાતથી શરૂ થઈ રહેલા સુપ્રસિધ્ધ લોકમેળા અને કાળી ચૌદશની દાદાની વિશેષ પૂજાને લઈ ડભોડિયા હનુમાનજી મંદિર અને સમગ્ર ગામના માર્ગોને ઝળહળતી રોશનીથી સુશોભિત કરાયા છે. આ અંગે ડભોડિયા હનુમાનજી મંદિરના ટ્રસ્ટી રાજુભાઈ ગજ્જર, બળદેવજી પરમાર, હીરાભાઈ પટેલ અને મંદિરના પૂજારી રાજુભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, કાળી ચૌદશના પર્વ નિમિતે ડભોડિયા દાદાની વિશેષ પૂજા-અર્ચના અને મહાઆરતી કરવામાં આવે છે, જેમાં ધનતેરસની રાત્રે ૧૨-૦૦ વાગ્યે કાળી ચૌદશના પ્રારંભ સાથે ડભોડિયા દાદાની મહાઆરતી ઉતારવામાં આવશે. આ મહાઆરતીનું બહુ જ અનેરૂ અને ચમત્કારિક મહાત્મ્ય હોવાથી સાડા ત્રણ લાખથી વધુ દર્શનાર્થીઓ દેશ-વિદેશથી તેમાં ભાગ લેવા અને દાદાના દર્શનાર્થે ખાસ આવતા હોય છે.



ધનતેરસની રાતથી કાળીચૌદશની રાત સુધી દાદાનું મંદિર સતત ખુલ્લુ રહેશે, જેથી લાખો શ્રધ્ધાળુઓ દાદાના દર્શન પામી શકશે અને ધન્યતા અનુભવી શકશે. ડભોડિયા હનુમાનજી મંદિરના ધનતેરસ અને કાળીચૌદશને લઈ બે દિવસના ભરાતાં સુપ્રસિધ્ધ લોકમેળામાં આસપાસના ગામડાઓ અને દૂરદૂરથી લોકો ઉમટતા હોય છે, મેળાની વર્ષોજૂની પરંપરાનું પણ ઘણું મહત્વ હોઈ લોકો તેમાં ખાસ ભાગ લેવા આવતા હોય છે. ડભોડિયા હનુમાનજી મંદિરના ટ્રસ્ટી રાજુભાઈ ગજ્જર અને મંદિરના પૂજારી રાજુભાઈ મહેતાએ વધુમાં જણાવ્યું હતું કે, કાળી ચૌદશને લઈ દાદાનો તેલ-સિંદૂરથી ખાસ ચોળો કરવામાં આવશે.

# મુસાફરોને બેસાડી દાગીના ચોરતી ટોળકી પકડાઈ

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં માત્ર એક કે બે મુસાફરોને બેસાડી નજર ચુકવીને દાગીના, રૂપીયા અને કિમતી ચીજવસ્તુઓની ચોરી કરતી ટોળકીને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડી છે.પોલીસની પુછપરછમાં અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, સહિતના ૧૨ ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.તેમની પાસેથી નંબર વિનાની રીક્ષા, રોકડા રૂપીયા અને મોબાઈલ મળી કુલ રૂ.૧,૮૬,૯૩૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો છે. દિવાળીને પગલે જિલ્લામાં ચીલઝડપ કે અન્ય ગુનાઓ અંગે તકેદારી રાખવાની એસપી મયુર ચાવડાની સુચનાથી એલસીબી પીઆઈ જે.જી. વાઘેલાની ટીમ સક્રિય હતી. પીએસઆઈ વી.કે.રાઠોડની ટીમ સાથે પેટ્રોલીગમાં હતા ત્યારે હે.કો.રણજીતસિંહ અને જીગ્નેશકુમારને આરોપીઓ અંગે ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે એલસીબીએ કલોલ તેરસાપરા ચોકડી પાસેથી નંબર વગરની રીક્ષામાંથી એક મહિલા અને ચાર શખ્સોને પકડી પાડ્યા હતા. જેમાં તારીક ઉર્ફે આરીફભાઈ અંસારી (ઉં.વ.૨૮ રહે.એલએચ પાર્ક સોસાયટી કડી), અબ્દુલ ઉમરભાઈ અરબ (ઉં.વ.૪૬ રહે.સાનીયા રેસીડન્સી ફતેવાડી, સરખેજ), હાસીમ આસીકઅલી અંસારી (ઉં.વ.૨૧, રહે.એલએચ પાર્ક સોસાયટી, કડી), રાકીબ આરીફભાઈ અંસારી (ઉં.વ.૨૯, રહે.મલાડ વેસ્ટ મુંબઈ), કેહકશા પરવીન ઉર્ફે પીન્કી મહંમદ સલીમ દરજી શેખ (ઉં.વ.૩૦ રહે.એલએચ પાર્ક સોસાયટી કડી)નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૩૦ હજાર રોકડા, અને ૪ મોબાઈલ મળી આવ્યા હતા. જે અંગે પુછતાછ કરતા આરોપીઓએ ભેગા મળીને એક કે બે મુસાફરોને રીક્ષામાં બેસાડી નજર ચુકવી ચોરી કરતા હોવાની કબુલાત કરી હતી. તેઓએ અમદાવાદ હેલ્મેટ ચાર રસ્તા, ઈસ્કોન, બગોદરા, મહેસાણા, ડીસા, પાટણ , ઉંઝા,સિધ્ધપુર, આંબલીયાસણ, પાલનપુર-ડીસા માર્ગ, ડીસા છાપી માર્ગ, ખેરાલુ મળીને કુલ ૧૨ ગુના આચર્યા હોવાની કબુલાત કરી હતી. આરોપીઓએ બોપલ ઈસ્કોન માર્ગ પર એક બહેન, વૃધ્ધા, અને બે નાના બાળકોને બેસાડીને થેલામાંથી સોનાના દાગીના ચોરી લીધા હતા. જે અંગે સેટેલાઈટ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. જયારે ઉપરોકત આરોપીઓ સંબંધે પોકેટ કેપ મોબાઈલ થી ખાતરી કરતા આરોપીઓ પૈકી યુવતિ બી ડીવીઝનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં વોન્ટેડ છે. જેથી તેણીને મહેસાણા પોલીસને સોંપવામાં આવેલ છે. જયારે તારીક તેમજ અબ્દુલ અમદાવાદ, સિધ્ધપુર, મહેસાણા, ઉપર મુજબના ચોરીના ગુનામાં અનેકવાર પોલીસના હાથે પકડાયા છે.